હિંમતનગરમાં ઉમિયા સમાજવાડી ખાતે અઢી કરોડના ખર્ચે આકાર લઈ રહેલ ઉમિયા માતાજી મંદિરને લઈને ઊંઝાથી ઉમિયા માતાજીનો જ્યોતિ રથ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં રામનવમીએ આવ્યો હતો. જે રથ ૯ એપ્રિલ સુધી હિંમતનગર શહેરમાં પરિભ્રમણ કરવાનો છે તેના ભાગરૂપે શુક્રવારે શહેરના બેરણા રોડ પર ઉમિયા માતાજીનો જ્યોતિ રથનું ભવ્ય સામૈયું કરાયુ હતુ. ભક્તોએ માતાજીના રથના નંદીને તિલક કરી માતાજીને ચુંદડી અર્પિત કરી હતી. જ્યારે ઉમિયા સોસાયટીમાં ભક્તજનોએ ઉમિયા જ્યોતિ રથનું ફૂલડાંથી સ્વાગત કરી માતાજીની ૧૦૮ દીવા સાથે સમૂહ આરતી કરી હતી. આ રથ સાબરકાંઠા જિલ્લામાં ૫ એપ્રિલથી ૧૪ જુન સુધીના ૭૦ દિવસમાં ૨૦૦ ગામડા અને ૨૦૦ કંપામાં ફરશે. ત્યારબાદ આ રથ હિંમતનગરમાં રોકાણ કરશે અને આસોની બીજી નવરાત્રીએ અરવલ્લી જિલ્લામાં ફરશે. આમ આ રથ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૧૪૦ દિવસ પરિભ્રમણ કરશે.

ભાજપની પ્રદેશ કારોબારી ૨૨ એપ્રિલથી સોમનાથમાં

અમદાવાદ, તા.૭

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, આગામી ૧૫-૧૬ એપ્રિલે ભુવનેશ્વર, ઓરીસ્સા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની અધ્યક્ષતામાં યોજાવા જઈ રહી છે. રાષ્ટ્રીય કારોબારીમાં ભાગ લેવા માટે ગુજરાતમાંથી રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપિલા, મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલાસણિયા અને સાંસદસભ્ય ડૉ કિરીટભાઈ સોલંકી વગેરે ઉપસ્થિત રહેશે. પંડ્યાએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે રાષ્ટ્રીય કારોબારી પછીના અઠવાડિયામાં પ્રદેશ કારોબારી યોજાતી હોય છે એ અંતર્ગત આગામી તા. ૨૨-૨૩ એપ્રિલે ૧૫૦ વિધાનસભા સીટમાં ભાજપના વિજયી સંકલ્પ સાથે ભગવાન સોમનાથ દાદાના સાનિધ્યમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ભાજપની પ્રદેશ કારોબારી યોજાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં આ કારોબારીમાં પ્રદેશમાં રહેતા પક્ષના અને મોરચાના રાષ્ટ્રીય હોદેદારઓ, પ્રદેશ હોદેદારઓ, પ્રદેશ મોરચાના પ્રમુખ પ્રદેશ કારોબારી સભ્યઓ, આમંત્રિત અને વિશેષ આમંત્રિત સભ્યઓ, તેમજ જીલ્લા મહાનગરના પ્રભારી, પ્રમુખ મહામંત્રીઓ જીલ્લા પંચાયતના પ્રમુખ વિપક્ષના નેતા, મહાનગરપાલિકાના મેયર વગેરે ઉપસ્થિત રહેશે.

આ બેઠકમાં જીલ્લાવાર થયેલ કાર્યક્રમોનું રીપોટીગ લેવામાં આવશે. અને આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. પ્રદેશ કારોબારીની રૂપરેખા નક્કી કરવા માટે એક અગત્યની બેઠક તા. ૨૧ એપ્રિલના રોજ બપોરે ૦૨.૩૦ વાગે સોમનાથ મુકાશે પ્રમુખ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશ હોદેદારો, મોરચા પ્રમુખોની એક બેઠક યોજાશે. આ ઉપરાંત તા. ૮ એપ્રિલે અનુસુચિત જનજાતિ મોરચાની અગત્યની બેઠક ગામ માંજલપુર, વડોદરા ખાતે મુકામે રાજયના ૧૩ જીલ્લાઓનાં મુખ્ય કાર્યકર્તાઓની હાજરીમાં યોજાશે.

આ પણ વાંચીએ...

● ભક્તો અહીં ભગવાનની મુસાફરીની ટિકિટ લે છે

રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના ગોગામેડીમાં જાહરવીર ગોગાજીનું પ્રાચીન મંદિર આવેલુ છે. અહીં દર વર્ષે મેળો ભરાય છે. લાખો શ્રદ્ધાળુઓ અહીં ગોગાજીના દર્શને આવે છે. આ મંદિરના દર્શને આવતા શ્રદ્ધાળુઓમાં અનોખી માન્યતા છે.

આ મંદિરે આવનાર ભક્તો પોતાની સાથે ગોગાજીની ટિકિટ પણ કઢાવે છે. ભક્તો ઘરેથી એવુ માનીને ચાલે છે કે ગોગાજી તેમની સાથે જ બસ અથવા ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા છે. એટલે જ શ્રદ્ધાળુઓ પોતાની ટિકિટની સાથે ગોગાજીના નામથી પણ એક ટિકિટ કઢાવે છે.

● દુર્ગંધવાળા પરફ્યુમે દોસ્તોને બનાવ્યા કરોડપતિ

યુરોપમાં રહેતા એલન વ્હાઈટમેન અને એન્ડ્યુ માસ્ટર્સની ગણતરી આજકાલ ધનવાનોમાં થઈ રહી છે. આ બંને મિત્રોએ ભેગા મળી લિકવીડ એસ નામનુ ખૂબ જ દુર્ગંધયુક્ત પરફ્યુમ તૈયાર કર્યુ હતુ. આ પરફ્યુમ ખુબ જ વેચાઈ રહ્યુ છે. એલન કહે છે કે ભીડ હોય તેવા સ્થળ પર પરફ્યુમની દુર્ગંધ ત્રીસ ફૂટ દૂરથી પણ સુંઘી શકાય છે. મજાક માટે લોકો તેની ખરીદી કરે છે.

રામનવમીએ ઓઘારી મંદિરે નોમનુ હવન યોજાયું

સાકરીયા, તા. ૭

સમગ્ર ભારતભરમાં રામનવમીનો તહેવાર ભારે ઉત્સાહથી અને શ્રદ્ધાપૂર્વક યોજાય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં ઓઘારી મંદિરે પ્રતિવર્ષની જેમ નવરાત્રીના સમાપન વખતે નોમ એટલે રામનવમીના દિવસે હવનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ હવન મોડાસા નગરપાલિકાના કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન જયેશભાઈ ભાવસારના સુપુત્ર યશ ભાવસારના યજમાનપદે રાખવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં હવનમાં શ્રીફળ હોમ વખતે માંઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

કાંકરેજ તાલુકાની ૧૭ ગ્રામ પંચાયતોની ચૂંટણીની પૂરપાટ તૈયારી

કાંકરેજ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ૧૦ ગ્રામ પંચાયતો સમરસ થતાં ૧૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા તંત્ર સજ્જ

કાંકરેજ, તા. ૭

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરી ખાતે આવેલ સિડ્ ફાર્મમાં મામલતદાર આર.ટી. કટારા ચૂંટણી અધિકારી એ.એ. ત્રિવેદી, મદદનિશ ચૂંટણી અધિકારી એસ. ટી. દવે, ટી.એન. ચૌધરી, બી.એસ. સોલંકી, રૂષભકુમાર સહિત મામલતદાર કચેરીનો સ્ટાફ ચૂંટણી કર્મીઓ અને પ્રેસાઈડીંગ ઓફિસરોની સ્પેશ્યલ મીટીંગ યોજાઈ હતી અને શિહોરી સિડ્ફાર્મ ખાતેથી ઈવીએમ મશીન ચેક કરી પ્રાઈવેટ વાહનો અને સરકારી બસોમાં પોલીસ તથા પ્રેસાઈડીંગ સ્ટાફને રવાના કર્યા હતા. જો કે તેમાં ઘણા શિક્ષકોએ પોતાને લેખિત ઓર્ડરો ન મળ્યા હોવાની રજુઆતો ગામ મામલતદારને કરી હતી. પરંતુ ચૂંટણીને ધ્યાને લઈ મામલતદાર દ્વારા કોઈપણ જાતની પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

જેમાં ઓર્ડર કેન્સલ કરવા બાબતે હોબાળો પણ થયો હતો. પરંતુ ચૂંટણી પંચના કડક નિયમોને લઈ શિક્ષકોએ ઢીલુ મુક્યુ હતુ અને પોતાની વરાળ રેવન્યુ ડિપાર્ટમેન્ટ ઉપર કાઢી હતી. અને કટકી આપો તો ઓર્ડર રદ કરવામાં આવે છે તેવા આક્ષેપો શિક્ષકોએ કર્યા હતા. જેથી કરી વાતાવરણ ગરમાયુ હતુ.

જેમાં મામલતદારની હાજરીમાં એક શિક્ષક દ્વારા આવા આક્ષેપોનો મારો ચલાવતા એક કર્મચારી માટે શર્મજનક ઘટના કહેવાય આમ આક્ષેપો અને ચૂંટણીને લઈ ચૂંટણી કર્મીઓ પોતાની ફરજ ઉપર રવાના થયા હતા. ત્યારે તા. ૮-૪-૧૭ના રોજ સવારે ૮ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ૧૬ ગામોમાં મતદાન યોજાશે. અધગામ, આણંદપુરા, ઉણ, ઓઢા, કાકર, ઝાલમોર, ટેબી, ટોટાણી, રામપુરા, નાથપુરા, મોટાજામપુર, રતનગઢ, રાજપુર, રાઠોડવાસ, શિરવાડા, રૂવેલ, કુલ ૪૮ ઉમેદવારો સરપંચની ચૂંટણીમાં મેદાને ઉતર્યા છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન યોજાશે.

ધાંગ્રધાના વાલ્મીકી સમાજના સફાઈ કામદારોને કાયમી માંગ સાથે આવેદનપત્ર

ગુજરાત વાલ્મીકી સંગઠનના જિલ્લા એકમ દ્વારા ધાંગ્રધા નગરપાલિકામાં વર્ષોથી સફાઈ કામગીરી બજાવતા ૭૬ સફાઈ કામદારોને થઈ રહેલા અન્યાયના પગલે ગુજરાત વાલ્મીકી સંગઠન મેદાને પડ્યુ છે. અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને સંગઠનના પ્રમુખ લાલજીભાઈ વાલ્મીકી અને સંગઠનના કાર્યકરોએ આવેદનપત્ર આપી ધાંગ્રધા નગરપાલિકામાં સફાઈ કામગીરી કરી રહેલા કામદારો પૈકી ૭૬ સફાઈ કામદારોને કાયમી કરવા રાજ્ય સરકારે આદેશ કર્યા છે. ત્યારે આ ૭૬ સફાઈ કામદારોને તાબડતોડ કાયમી કરવાની કાર્યવાહી હાથ ધરી ઉકેલ નહી લાવવામાં આવે તો રાજ્યની તમામ નગરપાલિકા કચેરીઓમાં સફાઈ કામગીરી બંધ કરી આંદોલન કરવામાં આવશે તેવુ આવેદન પત્ર આપી વાલ્મીકી સમાજની યોગ્ય રજૂઆત સરકાર સુધી પહોંચાડવા આવેદનપત્ર આપવામાં આવ્યુ હોવાનુ જણાવ્યુ હતુ.

ગુજરાત સરકાર આરોગ્ય પાછળ માથાદીઠ ૨૭૦નો ખર્ચ કરે છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૭

વિશ્વ આરોગ્ય દિવસે મુખ્યમંત્રી ફોટો ફંકશન અને ભાષણ કરતાં રહ્યાં બીજી બાજુ સિવિલ હોસ્પિટલમાં હજારો દર્દીઓ હેરાન-પરેશાન થયા. વારંવાર ઘટનાઓ બનતી હોવા છતાં ભાજપ સરકારને સિવિલ હોસ્પિટલોમાં સલામતી માટે યોગ્ય વ્યવસ્થા તંત્ર ઉભુ કરવા ગંભીર ન હોય તેવું સ્પષ્ટ થાય છે. ભાજપના શાસનમાં મૂડિપતિઓની તિજોરીનું આરોગય હજારો ગણુ સુધર્યું છે. પરંતુ ગુજરાતના માનવીનું આરોગ્ય એકદમ કથળ્યું હોવાની સંપૂર્ણ વિગતો જાહેર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતુ કે રાજ્યના નાગરિકોનું આરોગ્ય ચિંતાજનક છે.

આરોગ્ય પાછળ ગુજરાત માથાદીઠ માત્ર રૂ. ૨૭૦ના ખર્ચ સાથે દેશમાં ૩૧માં નંબરનું છેવાડાનું રાજ્ય. જ્યારે મિઝોરમમાં રૂ. ૧૬૧૧, સિક્કીમમાં રૂ. ૧૪૪૬, ગોવામાં રૂ. ૧૧૪૯, હિમાચલ પ્રદેશમાં રૂ. ૮૮૪, આસામમાં રૂ. ૪૭૧, કેરાલામાં રૂ. ૪૫૪, છત્તિશગઢમાં રૂ. ૩૭૧, ઝારખંડમાં રૂ. ૩૨૮, ઉત્તરપ્રદેશમાં રૂ. ૨૯૩ માથાદીઠ આરોગ્ય પાછળ કરવામાં આવે છે. ટાટાને ૩૩ હજાર કરોડ તથા એસ્સારને ૯૧૦૦ કરોડ આપના ભાજપ સરકાર પાસે સામાન્ય નાગરિકના આરોગ્ય પાછળ રૂ. ૫૦૦-૧૦૦૦ ખર્ચ કરવાના નાણાં નથી. બાળ મૃત્યુ ૦-૧ વર્ષના બાળમૃત્યુના દરમાં દર હજાર બાળકોએ ૫૦ બાળકોના મૃત્યુ સાથે ગુજરાત છેવાડાના સાતમાં સ્થાને આવે છે.

ભારત સરકાર બાળકો અને મહિલાઓના આરોગ્ય માટે અબજો રૂપિયાની ફાળવણી કરતી હોવા છતાં પણ ગુજરાતમાં હોસ્પિટલમાં ડીલીવરીનું પ્રમાણ માત્ર ૫૬.૫ ટકા સાથે ગુજરાત છેવાડાના ૧૩માં ક્રમાંકે આવે છે અને સલામત ડીલીવરીમાં પણ ૬૨.૧ ટકા સાથે ૧૪મા ક્રમે આવે છે. બાળકીના જન્મદરમાં છેલ્લા ૨૦ વર્ષમાં ધ્યાને લેતા ગુજરાત ૮માં ક્રમનું છેવાડાનું રાજ્ય બન્યું છે. ગુજરાતમાં દર હજાર દિકરીઓની સામે ૨૦૦૧માં ૮૮૩ બાળકીઓ હતી. તેની સાથે વર્ષ ૨૦૧૫માં ૮૫૨ બાળકીઓનો જન્મ થયો છે.

મોડાસા ખાતે સાંઈ મહારાજની યાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ અને આસ્થાનુ પ્રતિક સમાન સાંઈ મંદિરથી રામનવમીના દિવસે નગરના માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવેલ. નગરના જુદા જુદા માર્ગો પરથી આ શોભાયાત્રા પસાર થતા ઠેરઠેર લોકોએ સ્વાગત કરી દર્શનની ધન્યતા અનુભવતા જોવા મળતા હતા. ઠેરઠેર છાશ, આઈસક્રીમ, ઠંડા પાણીની વ્યવસ્થા લોકોએ કરેલ હતી.

આ શોભાયાત્રા ચાર રસ્તા આવી પહોંચતા વિવિધ સંસ્થાઓના આગેવાનોએ આ શોભાયાત્રાનું સ્વાગત કરેલ. જેમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન પટેલની આગેવાની હેઠળ કોર્પોરેટરોએ શોભાયાત્રાની સ્વાગત કરી ફૂલહાર ચઢાવી દર્શન કરેલ. આ પ્રસંગે ચાર રસ્તા ખાતે મોટી સંખ્યામાં સાંઈભક્તોએ ધાર્મિક વાતાવરણ બનાવેલ હતુ.

હવાઈ હુમલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. હજુ સુધી સીરિયા, યમન અને ઈરાકમાં જે ઓપરેશન ચાલી રહ્યા હતા તે એક નક્કી કરવામાં આવી રહેલી પ્રક્રિયાના ભાગરૂપે કરવામાં આવી રહ્યા હતા. ટ્રમ્પના આ પ્રકારના નિર્ણયને ઉત્તર કોરિયા, ઈરાન અને અન્ય ઉભરતી તાકાતો માટે એક સંદેશ તરીકે જોવામાં આવે છે. હાલમાં હિંસાગ્રસ્ત સિરિયાના ત્રાસવાદીગ્રસ્ત વિસ્તારમાં કેમિકલ હુમલો કરવામાં આવતા વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો છે. આ હુમલો કરનારના સંદર્ભમાં નક્કર માહિતી મળી નથી પરંતુ રશિયા તરફ શંકાની સોય રહેલી છે. આ હુમલાના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે સિરિયન હવાઈ હુમલો ખાનશેફોનના પૂર્વીય પરા વિસ્તારમાં કરવામાં આવ્યો હતો.

આતંકવાદીઓના શસ્ત્ર ભંડારને ટાર્ગેટન બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. એમ પણ જાણવા મળી રહ્યું છે કે સિરિયન તંત્ર દ્વારા આ હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર પણ જોરદાર હુમલા કરવા માટે સંપૂર્ણ સજ્જ છે. ટ્રમ્પ વહીવટીતંત્રએ જે ઝડપથી નિર્ણય કર્યો છે તેના બાદ અમેરિકાના અધિકારીઓની આકરી પ્રતિક્રિયા આવી રહી છે. અધિકારીઓના કહેવા મુજબ તમામ વિકલ્પો ઉપર વિચારણા કર્યા બાદ સિરિયામાં હુમલા કરવાનો નિર્ણય કરાયો હતો. અમેરિકાના એક લશ્કરી અધિકારીએ હવાઈ હુમલાના અહેવાલને સમર્થન આપ્યું છે. ગુરૂવારે મોડી રાત્રે સિરિયામાં એરબેઝ ઉપર ડઝનથી વધુ ટોમહોક મિસાઈલો ઝીંકવામાં આવી હતી. હાલમાં જ સિરિયામાં કેમિકલ હુમલા કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. સિરિયાના પ્રમુખ બસરઅલ અસદના નજીકની લશ્કરી ટોળકી પર આ મુજબની કાર્યવાહી કરી છે.

તપ્પો તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. આની સાથે સંબંધિત એક કેસ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સામે દિલ્હીની પટિયાળા હાઉસ કોર્ટમાં હાલમાં ચાલે છે. સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં કેટલીક નવી વિગત ખુલી શકે છે. હુડાએ કેસ દાખલ કરવામાં આવ્યા બાદ આરોપ કર્યો છે કે તેમને આ કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે આ રાજકીય બદલાની ભાવના સાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમના મુખ્યપ્રધાન તરીકેના ગાળા દરમિયાન કોઈ ગેરરિતી થઈ ન હતી. આ મામલે તમામ નિયમોનુ પાલન કરવામાં આવ્યુ હતુ. સીબીઆઈના સુત્રોએ કહ્યુ છે કે તે રાજ્ય સરકારની એફઆઈઆરને ફરી દાખલ કરી ચુકી છે. આ એફઆઈઆર હરિયાણા સ્ટેટ વિજિલન્સ બ્યુરો દ્વારા દાખલ કરવામાં આવી હતી. જેમા અપરાધિક કાવતરાની વાત કરવામાં આવી હતી. સાથે છેતરપિંડીના આરોપો મુકવામાં આવ્યા હતા. એજેએલને વર્ષ ૨૦૦૫માં ફરી ફાળવણી કરવામાં આવી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતાઓ સામે આ મામલામાં તવાઈ આવી શકે છે.

યોગીનો હુકમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠક યોજવામાં આવી હતી. અખિલેશ યાદવના નેતૃત્વમાં સમાજવાદી પાર્ટી સરકારે સમાજવાદી વિકાસ સ્કીમો હાથ ધરી હતી. મોટાભાગની સ્કીમોમાં સમાજવાદી શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ ચલાવવામાં આવતી એમ્બ્યુલન્સોના નામ પણ સમાજવાદી એમ્બ્યુલન્સ સર્વિસ અગાઉ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશમાં નવી સરકાર યોગી આદિત્યનાથના નેતૃત્વમાં બન્યા બાદ તમામ સ્કીમોની સમીક્ષા થઈ રહી છે. કેટલીક સ્કીમોને બંધ પણ કરવામાં આવી રહી છે. ભાજપ સરકારે હવે ૬૦ લાખ રેશનીંગ કાર્ડ નહીં ફાળવવાનો નિર્ણય કર્યો છે. અખિલેશ યાદવ સરકાર દ્વારા આ રેશનીંગ કાર્ડ પ્રિન્ટીંગ કરવામાં આવ્યા હતા. અન્ય એક બેઠકને સંબોધતા મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગોને આદેશ કર્યો છે. પૂર્વ મુખ્યમંત્રીના ફોટોગ્રાફ સાથે રેશનીંગ કાર્ડની સ્કીમ હતી. જેથી આ રેશનીંગ કાર્ડ નહીં ફાળવવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ જિલ્લા હેડક્વાર્ટરમાં ૨૪ કલાક વીજ પુરવઠો, તહેસીલમાં ૨૦ કલાક અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૮ કલાક વીજ પુરવઠો આપવાનો આદેશ કર્યો છે.

મોદીનો કાફલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈપણ પ્રકારના પ્રતિબંધ પણ મુકવામાં આવ્યા ન હતા. પ્રોટોકોલનો ભંગ કરવામાં આવ્યો હતો. સામાન્ય ટ્રાફિકને અસર પહોંચાડ્યા વગર મોદીનો કાફલો વિમાની મથકે પહોંચ્યો હતો. એરપોર્ટ પર પહોંચીને મોદીએ શેખ હસીનાનું સ્વાગત કર્યું હતું. સામાન્ય રીતે વડાપ્રધાન જ્યારે પોતાની કાફલાની સાથે બહાર નીકળે છે ત્યારે તેમની સુરક્ષા ખૂબ મજબૂત રાખવામાં આવે છે. જે રૂટ પરથી કાફલો પસાર થાય છે ત્યાં ૧૦ મિનિટ પહેલા ટ્રાફિકને રોકી દેવામાં આવે છે. પરંતુ આજે વડાપ્રધાન જ્યારે શેખ હસીનાને લેવા માટે વિમાની મથકે પહોંચ્યા ત્યારે આટલો સુરક્ષાનો કાફલો રહ્યો ન હતો. આ અગાઉ પણ અબુધાબીના યુવરાજ શેખ મોહંમદ જ્યારે ભારત આવ્યા હતા ત્યારે વડાપ્રધાન ટ્રાફિકને નુકસાન કર્યા વગર સીધા વિમાની મથકે પહોંચ્યા હતા.

ખતરો ટળ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે ઝેલમમાં પાણીની સપાટી દક્ષિણ કાશ્મીરમાં સંગમ ખાતે વહેલી પરોઢે ત્રણ વાગ્યાથી ઘટી રહી છે. જો કે શ્રીનગરમાં સ્થિતીમાં સુધારો થતા હજુ સમય લાગી શકે છે. શ્રીનગરમાં રામ મુનશી બાગ ખાતે પાણીની સપાટી હજુ પણ વધી રહી છે. ગઈકાલે શ્રીનગરમાં રામ મુન્શી બાગ ખાતે ઝેલમ નદીમાં પાણીની સપાટી પુર જાહેર કરવા સુધી પહોંચી ગઈ હતી. પુંચમાં કુલ ૧૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ઈમજન્સી કન્ટ્રોલ રૂમ હજુ સક્રિય છે. જમ્મુ-કાશ્મીરમાં અવિરત ભારે વરસાદ અને હિમવર્ષાના લીધે હાલમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયા બાદ હવે સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. કારણ કે વરસાદમાં વિરામ મુકાયો છે. જો કે સાવચેતીના તમામ પગલાં લેવાઈ રહ્યા છે. બચાવ અને રાહત કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

રિ-ડેવલપમેન્ટ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે સરકારે આધુનિક ડિઝાઈનો સાથે કર્મચારીઓને વધુ સારા મકાન મળે તેને અગ્રતા આપી છે. કર્મચારીને સારૂ મકાન મળતાં જ તે શાંતિની અનુભૂતિ કરશે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આવા બહુમાળી મકાનોનું કામ જે અગાઉ સે. ૭માં શરૂ કરાયુ હતુ તે પૂર્ણ થઈ ગયુ છે. તો સે. ૨૯માં પણ પુરૂ થવામાં છે. આ નવા બનેલા મકાનોની ફાળવણી પણ ઝડપથી કરવામાં આવશે.

જુના અને બિસ્માર બનેલા મકાનોને ઉતારી પાડી નવા બિલ્ડીંગો બનાવવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે સરકાર કર્મચારીઓને જ નહિ પણ અન્ય લોકોને પણ સારા મકાન આપવા માંગે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના જેવી યોજનાઓની અમલવારી ચાલુ થઈ ગઈ છે. ગાંધીનગરમાં ગુડાએ પણ બે થી ત્રણ જેટલી યોજનાઓ તૈયાર કરી સારી ગુણવત્તાવાળા મકાનો લોકોને ઉપલબ્ધ કરાવ્યા છે. ગઈકાલે અમદાવાદમાં ૨૬૦૦ જેટલા ફ્લેટ વિવિધ વિસ્તારોમાં હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્માણ કરી વસવાટ માટે ફાળવવામાં આવ્યા છે.

નીતિનભાઈએ જણાવ્યુ હતુ કે વિકાસની સાથે સુવિધાઓ એ સરકારનો ઉદ્દેશ્ય છે. તેમણે બાંધકામ ક્ષેત્રના વિકાસની સાથે રોજગારીનો વ્યાપ વધશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ધારાસભ્ય અશોક પટેલ, માર્ગ-મકાન વિભાગના સચિવ વસાવા, મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, કાઉન્સીલરો કાર્તિક પટેલ, નીતિન પટેલ, પૂર્વ કાઉન્સીલર સુરેશ મહેતા, શહેર ભાજપના હોદેદારો તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન

ગુજરાતના યુવાનોને સંરક્ષણ સેવા, પેરા મલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેમાં જોડાવવાની ઈચ્છાનો અભાવ તેમજ ભરતી થયા બાદ મળતી સગવડો આજ્ઞાનતા પ્રવર્તી હોવાને કારણે ગુજરાત રાજ્યમાં ઘણી જગ્યાઓ વણ પુરાયેલી રહે છે. આથી આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશ્કરીદળો, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેમાં જોડાવવા માંગતા ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટેની ધનિષ્ઠ તાલીમ આપવા માટે સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના યુવાનોની ભરતી થાય તે માટે આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશ્કરીદળો, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધો.૧૦ પાસ માટે નિયત કરે ૧૭ ૧/૨ વર્ષથી ૨૧ વર્ષ આથવા ધો-૧૨ પાસ માટે નિયત ૧૭ ૧/૨ વર્ષ થી ૨૩ વર્ષ ધરાવતા યુવાનોને શારીરિક/માનસિક ક્ષમતા તથા લેખિત પરિક્ષ માટે ધનિષ્ઠ તાલીમ આપવામાં આવશે.

આ તાલીમમાં શારિરીક યોગ્યતા માટે ઉચાઈ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વિગેરેની તાલીમ માટે ફીઝીકલ (શારીરિક) ઈન્સ્ટ્રકટર દ્વારા ભારતીને અનુરૂપ ફીઝીકલ તાલીમ આપવામાં આવશે. તથા અન્ય તાલીમ વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાં આવશે.

જાહેર નિવિદા

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગરના ફરતા પુસ્તકાલયની સેવાઓ તથા અન્ય ગ્રંથાલય પ્રવૃત્તિઓ માટે ટાટા સુમો / બોલેરો ટાઈપનું બંધ બોડીનું ટેક્ષી પાર્સીંગ વાહન છેલ્લા ત્રણ વર્ષના મોડેલનું ભાડેથી જોઈએ છે. રસ ધરાવતી પાર્ટીઓએ વાહનની વિગતો, ૨૫૦૦ કિ.મી.ની મર્યાદામાં પેટ્રોલ / ડીઝલ સંચાલિત વાહન ભાડે રાખવા માટેના ભાવો તથા રૂ. ૨૫૦૦૦/- અર્નેસ્ટમનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ 'ગ્રંથપાલશ્રી, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર'ના નામનો અત્રેની કચેરીને તા. ૧૫/૪/૨૦૧૭ના રોજ ૧૬-૩૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. મળેલ ભાવ પત્રકો તા. ૧૭/૪/૨૦૧૭ના રોજ ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે. મળેલ ભાવોના સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર નીચે સહી કરનારનો અબાધિત રહેશે.

ગ્રંથપાલ (વર્ગ-૧) ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૦૬૪
રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય www.sycd.gujarat.gov.in
ગાંધીનગર માહિતી/૬૧/૧૭-૧૮